રાજ્યભરમાં રામલહેર, રામભક્તોનાં રોમેરોમ રામમય

અમદાવાદની શાહ-એ-આલમ દરગાહ પર 101 દીવા પ્રગટાવી મુસ્લિમ બિરાદરોએ રામલલ્લાના આગમનને બિરદાવ્યું

ગોંડલ રાજમાર્ગ પર શ્રીરામના પરિવેશમાં સજ્જ 1008 બાળકોની શોભાયાત્રા, સાવરકુંડલામાં 21 હજાર દીવા પ્રગટાવ્યા

રાજકોટમાં શ્રીરામ શોભાયાત્રામાં મુસ્લિમ યુવકોએ પાણી-શરબતની સેવા આપી

રાજકોટના વીરપુરમાં હિન્દુ-મુસ્લિમની કોમી એકતાનું ઉત્તમ ઉદાહણ જોવા મળ્યું હતું. અહીં મુસ્લિમ બિરાદરોએ દિલ જીતનારું કામ કરતા શોભાયાત્રા દરમિયાન પાણી-શરબતના સ્ટોલ લગાવ્યા હતા. વીરપુરમાં મુસ્લિમ સમાજના યુવાનોએ શોભાયાત્રામાં પાણી અને શરબતની સેવા આપી હતી. આ કાર્યથી મુસ્લિમ સમાજના યુવાનોએ સૌ કોઈનું દિલ જીતી લીધું હતું.

મુખ્યમંત્રી, ગૃહમંત્રી સહિતના મંત્રીના નિવાસસ્થાન ફૂલ-દીપથી શણગારાયા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના ગાંધીનગર સ્થિત સત્તાવાર નિવાસસ્થાને દીપમાળા અને ફુલ શણગાર સજાવટથી આ અવસરના વધામણાં કર્યા હતા. રાજ્ય મંત્રીમંડળના સભ્યો પૈકી ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી તથા કુંવરજી બાવળિયા સહિતના મંત્રીઓના નિવાસ સંકુલમાં પણ દિવડા પ્રગટાવીને અયોધ્યા મંદિરમાં રામલલ્લાના બિરાજમાન થવાના ઉમંગ અવસરની ઉજવણી કરવામાં આવી હતી.

BAPSના 1550 સ્વામીનારાયણ મંદિરમાં શ્રીરામોત્સવની શ્રદ્ધાપૂર્વક ઉજવણી

બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના દેશ વિદેશના 1550થી વધુ મંદિર પરિસરમાં દિવાળીના તહેવારની જેમ દીવાઓ અને લાઇટિંગની રોશની તેમજ પ્રવેશદ્વાર ઉપર રંગોળી કરીને રામચંદ્રજીની મૂર્તિ પધરાવી ભવ્ય પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં સુરતમાં પણ રામ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામધૂમ અને ભક્તિ ભાવપૂર્વક ઉજવાયો હતો. અમદાવાદના શાહીબાગ ખાતેના મંદિરમાં પણ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિર પરિસરને રંગબેરંગી લાઇટિંગથી શણગારવામાં આવ્યું હતું, અને પ્રવેશ દ્વાર ઉપર આસોપાલવના તોરણ તેમજ પુષ્પના તોરણથી મંદિરને સુશોભિત કરાયો હતો. ભગવાન રામચંદ્રની મૂર્તિને પધરાવી આરતી, થાળ તથા પૂજન કર્યું હતું.

રાજભવન પરિસર રોશનીથી ઝગમગી ઊઠ્યું, રાજ્યપાલે યજ્ઞ-હવન કરી અને રામજ્યોતિ પ્રગટાવ્યો

ગાંધીનગરઃ અયોધ્યામાં ભવ્ય અને દિવ્ય રામમંદિરમાં રાઘવ સ્વરૂપ શ્રીરામની પ્રતિષ્ઠાના ઐતિહાસિક પ્રસંગે રાજભવન પ્રાંગણમાં ભવ્ય રંગોળી કરીને દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ રામજ્યોતિ પ્રગટાવી હતી. આચાર્ય દેવવ્રતએ આ અવસરે કહ્યું હતું કે, મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ ત્યાગ, પ્રેમ અને સહિષ્ણુતાનું પ્રતીક છે. આવનારી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે. આજે ભારતીય સંસ્કૃતિ અને વિરાસતની પુનઃ પ્રતિષ્ઠા થઈ છે. આચાર્ય દેવવ્રતએ આજના શુભ દિવસની શરૂઆત રાજભવન પરિસરમાં યજ્ઞ-હવનથી કરી હતી. ચોમેર દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા અને રાજ્યપાલએ રામજ્યોતિ પ્રગટાવીને આનંદ ઉલ્લાસ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગરઃ અયોધ્યા ખાતે પીએમ નરેન્દ્ર મોદી દ્વારા ભગવાન શ્રીરામ લલ્લાની મૂર્તિ પ્રતિષ્ઠા વિધી હાથ ધરાઈ હતી, જેને પગલે હર્ષોલ્લાસ સાથે ગુજરાતભરમાં વિવિધ મંદિરોમાં પૂજા, ભજન, રામધૂન, સાંજે મહાઆરતી તથા ઉજવણી અને યજ્ઞોનું આયોજન કરાયું હતું. અમદાવાદની શાહ-એ-આલમ દરગાહ પર 101 માટીના દીવા પ્રગટાવીને રામ મંદિરના અભિષેકની ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ બિરાદરોએ દરગાહ પર દીપ પ્રગટાવીને રામલલ્લાને આવકાર્યા હતા અને આ ક્ષણને અદભૂત બનાવી હતી. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને મુસ્લિમ બિરાદરોએ બિરદાવ્યો છે.

ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિત સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતમાં પણ વિવિધ રામજી મંદિરમાં આરતી, પૂજા, રામધૂન પણ કરવામાં આવી હતી. સંખ્યાંબધ લોકોએ પોતાની સોસાયટી તથા ઘરો અને ફ્લેટો પર રામ ધ્વજા ફરકાવી હતી. આજે સાંજે તો દિવાળી જેવા માહોલ વચ્ચે રાજ્યભરમાં મહાઆરતીનું આયોજન તથા ઘરે ઘરે દિવડા પ્રગટાવવામાં આવ્યા હતા. ખાસ કરીને જ્યાં હનુમાનજી મંદિર આવેલા છે ત્યાં અખંડ રામધૂન બોલાવવામાં આવી હતી.

ગુજરાતનું પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મંદિર પણ આજે રામમય બન્યું હતું. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે સોમનાથ તીર્થમાં શ્રી રામ મંદિર ખાતે પ્રભુ શ્રીરામ, માતા સીતા, શ્રી લક્ષ્મણ અને હનુમાનજી પર ખાસ અભિષેક કરાયો હતો. સરયુ નદી સહિત 9 પવિત્ર તીર્થજળથી અભિષેક કરાયો હતો.

ગોંડલના શ્રી અક્ષર મંદિર ખાતે શ્રીરામ પૂજન સાથે અનેકવિધ ભક્તિસભર આયોજનો કરવામાં આવ્યા છે. જેમાં 1008 બાળકોની રામના પરિવેશમાં ગોંડલના રાજમાર્ગ ઉપર યાત્રા નીકળી હતી. અક્ષર મંદિરે વિશાળ રંગોળી રચવામાં આવી છે અને મંદિરને ધજા પતાકા દ્વારા શણગારવામાં આવ્યું છે. સાવરકુંડલાના રિદ્ધિસિધ્ધિ ચોકમાં 21 હજાર દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા. જય શ્રીરામ, મહાદેવ અને અયોધ્યા મંદિર દીવડા દ્વારા બનાવવામાં આવ્યું હતું.

રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં કોણ કોણ ગેરહાજર રહ્યું હતું?

ટુંધ પોઇન્ટ ■ સમકિત શાહ ■

અયોધ્યામાં રામ મંદિરના ઉદ્ઘાટન સાથે જ રામ ભક્તોની ૫૦૦ વર્ષની પ્રતીક્ષાનો અંત આવ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રામ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવના યજમાન બનીને ૩૩ વર્ષ પહેલાં લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ઉપરાંત અયોધ્યાના ઇતિહાસમાં એક નવા પ્રકરણનું આલેખન કર્યું છે. રામ મંદિરના ઉદ્ઘાટનમાં જે મહાનુભાવો આવ્યા તેની યાદી કરતાં ન આવનારા મહાનુભાવોની યાદી બહુ સૂચક છે. રાષ્ટ્રીય સ્તરના આ સમારંભમાં ભારતનાં રાષ્ટ્રપતિ ઉપરાંત ઉત્તર પ્રદેશને બાદ કરતાં તમામ રાજ્યોના મુખ્ય પ્રધાનો અને ગવર્નરો ગેરહાજર હતા. હકીકતમાં તેમને અયોધ્યા ન આવવાનું નિમંત્રણ આપવામાં આવ્યું હતું. અમિતાભ બચ્ચન અને અક્ષય કુમાર જેવા બોલિવૂડના મોટા સિતારાઓ હાજર રહ્યા હતા, પણ સલમાન ખાન, આમિર ખાન અને શાહરૂખ ખાન જેવા મુસ્લિમ સુપર સ્ટારોની ગેરહાજરી બહુ સૂચક હતી. શું તેમને નિમંત્રણ જ આપવામાં આવ્યું નહોતું? મુકેશ અંબાણી અને અનિલ અંબાણી જેવા ઉદ્યોગપતિઓ હાજર થઈ ગયા હતા, પણ ગૌતમ અદાણી ક્યાંય દેખાયા નહોતા. શું તેમને મોદી સાહેબ દ્વારા વિવાદોથી અને અયોધ્યાથી દૂર રહેવાની સૂચના આપવામાં આવી હતી. વિરોધ પક્ષના નેતાઓ ગેરહાજર રહ્યા તે અપેક્ષિત હતું; પણ અહીં તો શાસક પક્ષના દિગ્ગજ નેતાઓ પણ ગેરહાજર હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રધાનમંડળનો એક પણ સાથી તેમાં જોવા મળ્યો નહોતો. ગૃહ પ્રધાન અમિત શાહ ઉપરાંત નાણાં પ્રધાન નિર્મલા સીતારામન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને પરિવહન પ્રધાન નીતિન ગડકરીની ગેરહાજરી ઊડીને આંખે વળગતી હતી. કેમેરાનું ફોકસ મોદી સાહેબ પરથી એક ક્ષણ માટે પણ ન હટે તેની જડબેસલાક વ્યવસ્થા કરવામાં આવી હતી. રામ મંદિરના આંદોલનમાં જેમણે સૌથી વધુ બલિદાન આપ્યું છે તેવા લાલક્રિશ્ન અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી, સાધ્વી ઋતંભરા વગેરે હિન્દુત્વવાદી નેતાઓને ઇરાદાપૂર્વક દૂર રાખવામાં આવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી હિન્દુત્વના એકમાત્ર પહેરેદાર તરીકે ઉભરી આવ્યા હતા.

રામાયણ અનુસાર ભગવાન શ્રી રામનો જન્મ અયોધ્યામાં જ થયો હતો. કહેવાય છે કે ભગવાન શ્રી રામના પુત્ર કુશે અયોધ્યામાં તેમનું મંદિર બનાવ્યું હતું. એકલા અયોધ્યામાં સીતારામનાં ૩,૦૦૦ મંદિરો હતાં. ઇતિહાસકારોનું કહેવું છે કે પહેલી સદીમાં આમાંથી ઘણાં મંદિરોની હાલત ખરાબ થવા લાગી હતી. તે જ સમયે ઉજ્જૈનના રાજા વિક્રમાદિત્ય અયોધ્યા આવ્યા હતા અને તેમણે મંદિરોનું સમારકામ કરાવ્યું. પછી ઘણી સદીઓ સુધી મંદિર સારું રહ્યું હતું. ૨૧ એપ્રિલ ૧૫૨૬ ના રોજ બાબર અને ઇબ્રાહિમ લોધી વચ્ચે યુદ્ધ થયું હતું. ૧૫૨૮ સુધીમાં બાબરની સેના અયોધ્યા પહોંચી હતી. એવો દાવો કરવામાં આવે છે કે મુગલ સમ્રાટ બાબરના આદેશ પર મંદિર તોડી પાડવામાં આવ્યા બાદ મસ્જિદનું નિર્માણ કરવામાં આવ્યું હતું. બાદમાં તેને બાબરી મસ્જિદ તરીકે ઓળખવામાં આવી હતી. તે સમયે મુગલોનું શાસન હતું અને તેનાં મૂળ ખૂબ મજબૂત હતાં તેથી જ ૨૫૦ વર્ષ વીતી ગયાં છતાં અહીં કોઈ હિલચાલ થઈ નહોતી. યુરોપિયન ભૂગોળશાસ્ત્રી જોસેફ ટિફેન્થેલર ૧૭૬૬ અને ૧૭૭૧ વચ્ચે આ સ્થાન પર હતા. તેમના પુસ્તકમાં તેમણે અહીં રામ ચબૂતરાના અસ્તિત્વ વિશે વાત કરી છે. ૧૮૧૩માં પ્રથમ વખત હિન્દુ સંગઠનોએ દાવો કર્યો કે બાબરે રામ મંદિર તોડીને મસ્જિદ બનાવી હતી. તે સમયે દેશમાં અંગ્રેજોનું શાસન હતું. ૧૮૫૩માં અહીં પહેલી વાર સાંપ્રદાયિક હિંસા થઈ હતી. વધી રહેલા વિવાદને જોઈને ૧૮૫૯માં અંગ્રેજોએ વિવાદિત સ્થળની આસપાસ વાડ લગાવી દીધી હતી.

આ કેસ ૧૮૮૫માં પહેલી વાર કોર્ટમાં પહોંચ્યો હતો. મહંત રઘુબીર દાસે રામ ચબૂતરા પર મંદિર બનાવવા માટે ફૈઝાબાદ જિલ્લા કોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી હતી. ૧૯૪૯માં મસ્જિદની અંદરથી ભગવાનની મૂર્તિ મળી આવી હતી. હિન્દુ પક્ષે ભગવાન રામના પ્રગટ થવાનો દાવો કર્યો હતો, જ્યારે મુસ્લિમ પક્ષે કહ્યું હતું કે હિન્દુઓએ ગુપ્ત રીતે મૂર્તિઓ અંદર મૂકી દીધી હતી. બંને પક્ષોએ એકબીજા સામે કેસો કર્યા હતા. બીજી તરફ પ્રશાસને તેને વિવાદિત માળખું ગણીને તેને તાળું મારી દીધું હતું. ૧૯૫૦માં ગોપાલ સિંહ વિશારદે રામ ચબૂતરામાં પૂજા કરવાની પરવાનગી માંગતી અરજી દાખલ કરી હતી. ૧૯૫૯ માં નિર્મોહી અખાડાએ કબજા માટે ત્રીજી અરજી દાખલ કરી હતી. ૧૯૬૧માં ઉત્તર પ્રદેશના સુન્ની વક્ફ બોર્ડે અરજી દાખલ કરી અને મસ્જિદની જમીન પર દાવો કર્યો હતો. ૧૯૮૬માં જિલ્લા મેજિસ્ટ્રેટે વિવાદિત માળખું ખોલવાની અને દર્શન માટેની પરવાનગી આપી હતી. ૧૯૮૯માં વિશ્વ હિન્દુ પરિષદે વિવાદિત જમીન પર રામ મંદિરનો શિલાન્યાસ કર્યો અને પહેલો પથ્થર મૂક્યો હતો.

વિશ્વ હિંદુ પરિષદે વિવાદિત જમીન પર મસ્જિદની જગ્યાએ રામ મંદિર બનાવવાની ચળવળ શરૂ કરી દીધી હતી. ૧૯૯૦ના દાયકામાં રાજનેતાઓ માટે રામ મંદિરનો મુદ્દો ખૂબ જ મહત્ત્વનો બની ગયો હતો. ૧૯૯૦માં લાલકૃષ્ણ અડવાણીએ મંદિરના નિર્માણ માટે રથયાત્રા કાઢી હતી. આ જુસ્સો એટલો વધી ગયો હતો કે ૧૯૯૨માં વિશ્વ હિન્દુ પરિષદ સહિત તમામ હિંદુ સંગઠનોએ સાથે મળીને વિવાદિત માળખાને તોડી પાડ્યું હતું. આ પછી દેશભરમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં હતાં, જેમાં ૨,૦૦૦ થી વધુ લોકોનાં મોત થયાં હતાં. બાબરી ધ્વંસનો કેસ નોંધવામાં આવ્યો હતો અને તેમાં ૪૯ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. લાલકૃષ્ણ અડવાણી, ઉમા ભારતી, મુરલી મનોહર જોશી, કલ્યાણ સિંહ, ચંપત રાય, કમલેશ ત્રિપાઠી સહિત ભાજપ અને વિશ્વ હિન્દુ પરિષદના ઘણા નેતાઓને આરોપી બનાવવામાં આવ્યા હતા. ૨૮ વર્ષ કેસ ચાલ્યા બાદ કોર્ટે પુરાવાના અભાવે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. ૨૦૦૨ માં વિવાદિત માળખાને તોડી પાડ્યાનાં ૧૦ વર્ષ પછી, અલ્હાબાદ હાઇકોર્ટે જમીનના માલિકી હકો માટે સુનાવણી શરૂ કરી હતી. ૨૦૧૦ માં હાઇકોર્ટે વિવાદિત જમીનને સુન્ની વક્ફ બોર્ડ, રામ લલ્લા વિરાજમાન અને નિર્મોહી અખાડા વચ્ચે ત્રણ સમાન ભાગોમાં વહેંચવાનો આદેશ આપ્યો હતો.

૨૦૧૧માં હાઇકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેન્ચે રામ મંદિરની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. મુસ્લિમોને પાંચ એકર જમીન અલગથી આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ પછી, ૫ ઓગસ્ટ ૨૦૨૦ ના રોજ વડા પ્રધાન મોદીએ રામ મંદિરના નિર્માણ માટે ભૂમિપૂજન કર્યું અને હવે મંદિરનું ઉદ્ઘાટન ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ થઈ ગયું છે. મુખ્ય મંદિર ઉપરાંત જન્મભૂમિ સંકુલમાં વધુ સાત મંદિરો બનાવવામાં આવી રહ્યાં છે. તેમાં શ્રી રામના ગુરુ બ્રહ્મર્ષિ વશિષ્ઠ, બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર, મહર્ષિ વાલ્મીકિ, અગસ્ત્ય મુનિ, રામભક્ત કેવત, નિષાદરાજ અને માતા શબરીનાં મંદિરોનો સમાવેશ થાય છે. તેમનું નિર્માણ ૨૦૨૪ના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે. ત્રણ માળનું ભવ્ય રામ મંદિર ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં તૈયાર થઈ જશે. પ્રથમ તબક્કામાં ગ્રાઉન્ડ ફ્લોરનું બાંધકામ હમણાં જ પૂર્ણ થયું છે. પ્રથમ અને બીજા માળનું કામ આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે.

રામ મંદિરના ઉદ્ઘાટનનો સમારંભ ચારેય શંકરાચાર્યોની ગેરહાજરીને કારણે પણ યાદગાર બની રહ્યો. સનાતન ધર્મનો આટલો મોટો મહોત્સવ હોય અને તેમાં ચારેય શંકરાચાર્યો ગેરહાજર હોય તેની પણ ઇતિહાસમાં અચૂક નોંધ લેવાશે. આ મહોત્સવમાં વર્તમાન કલિકાળમાં ધર્મસત્તા પર સરકારની, રાજસત્તાની અને રાજકારણીઓની સર્વોપરિતા સાબિત થઈ ગઈ હતી.

રામ મંદિરના ઉદ્ઘાટનનો સમારંભ ચારેય શંકરાચાર્યોની ગેરહાજરીને કારણે પણ યાદગાર બની રહ્યો હતો, શંકરાચાર્યોની નારાજગીભરી ગેરહાજરીની પણ ઇતિહાસમાં અચૂક નોંધ લેવાશે

સુડોકુ ૪૭૯૮ - 'ક્ષુધિ'

		૨	૪	૮			૧	૯
૧	૪		૨			૮		૬
૫	૭					૪		
	૧	૩		૨				૮
	૫	૪						
				૩	૯			૫
	૯		૩	૭		૨		
૩			૧	૪		૬	૯	૭
૭	૨	૧			૮			૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



હરણી બોટકાંડ - સરકારને 29મી સુધીમાં એક્શન ટેકન રિપોર્ટ રજુ કરવા હાઈકોર્ટનો આદેશ

ગાંધીનગરઃ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ તથા જસ્ટીસ અનિરૂદ્ધ માઈની બનેલી ડિવીઝન બેન્ચે મહત્વના સુઓમોટો આદેશમાં વડોદરામાં હરણી બોટ કાંડમાં આગામી 29મી જાન્યુ. સુધીમાં રાજ્ય સરકારના ગૃહ સચિવને એક્શન ટેકન રિપોર્ટ રજુ કરવા આદેશ આપ્યો છે.

ચીફ જસ્ટીસની બનેલી ડિવીઝન બેન્ચે આ સુઓમોટો આદેશમાં એવું સ્પષ્ટ નિરીક્ષણ કર્યુ હતું કે, વડોદરાની આખી ઘટનાએ રાજ્યભરના લોકોની લાગણીને ઠેસ પહોંચાડી છે. આ સ્થિતિમાં રાજ્ય સરકારના ગૃહ સચિવે આગામી 29મી જાન્યુ. સુધીમાં વડોદરાની બોટ કાડની દુર્ઘટનામાં પોલીસ દ્વારા શું એક્શન લેવાયા તે મામલે એક્શન ટેકન રિપોર્ટ કોર્ટ સમક્ષ રજુ કરવાનો રહેશે.

ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલની ડિવીઝન બેન્ચે મીડિયા રિપોર્ટ્સ તથા સિનિયર એડવોકેટ બ્રીજેશ ત્રિવેદીની રજુઆતને ધ્યાને લઈને સુઓમોટો રીટ દાખલ કરી હતી, એટલું જ નહીં રાજ્ય સરકારના ગૃહ સચિવને 29મી જાન્યુ. સુધીમાં સોગંદનામુ રજુ કરવા આદેશ કર્યો છે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

હરડે માતાનો પર્યાય

ઘરમાં મા ન હોય તો હરડે ને મા માનવી એવી પ્રતિષ્ઠા ભારતમાં હરડેની છે. બાળક જન્મે ત્યારથી તેને હરડેનો ઘસારો ચટાડી શકાય છે.

શબ્દગુંફન - ૬૫૭૦

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. વારસદાર, સંતાન (૩)
૩. ઇરાન દેશ (૩)
૫. પડતી, હાર (૨)
૬. વાટ, રાહ (૩)
૮. માન આપતું (૩)
૯. પાણી, જળ (૨)
૧૦. એક જાતનું ભૂત (૨)
૧૧. શત્રુ સામે આક્રમણ (૨)
૧૪. મુસાફરી, જાત્રા (૨)
૧૫. પૈસો, દોલત (૨)
૧૬. પાસે પાસે સંકડાઈને આવેલું (૨)
૧૯. ખુશ, પ્રસન્ન (૨)
૨૧. ભાગ્ય, વિધાતા (૩)
૨૩. પૃથ્વી (૩)
૨૪. મોટી સંખ્યામાં નાણું (૩)
૨૬. વિનાનું, વગરનું (૩)
૨૮. સમુદ્ર (૨)
૩૦. આપવું તે (૨)
૩૨. ઉગ્ર, આકરું (૩)
૩૪. શોક, દુઃખ (૨)
૩૫. લગાર (૨)
૩૬. એક જળચર પ્રાણી (૩)

ઊભી ચાવી
૧. નમસ્કાર કરવા યોગ્ય (૪)
૨. જીવ વિનાનું (૨)
૩. અંત, છેડો (૨)
૪. એક સરખું (૩)
૫. પગપાળો પ્રવાસ (૪)
૭. ઊંડું, ગાઢ (૩)
૧૦. એક જાતનું કાપડ (૨)
૧૨. મુશળધાર (૫)
૧૩. મીણબત્તી, દીવો (૨)
૧૪. માગનાર, ભિક્ષુક (૩)
૧૭. શાંતિ, ક્ષમા (૨)
૧૮. આયુષ્ય, ઉંમર (૪)
૨૦. શંકા, વહેમ (૨)
૨૨. પહોંચ, પાવતી (૩)
૨૪. લીન, ડૂબેલું (૨)
૨૫. મુકામ, મુસાફરી (૩)
૨૭. જેકી શ્રોફ-મિનાક્ષીની એક ફિલ્મ (૨)
૨૯. ફિટકાર (૩)
૩૧. પર્વત (૨)
૩૨. ઘડપણ (૨)
૩૩. શ્વાસ (૨)



આજનું પંચાંગ

તા. 23/01/2024, મંગળવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1945
વીર સંવત : 2550 **માસ :** પોષ
તિથિઃ સુદ: તેરસ: 20:40 ભોમ પ્રદોષ
અયન : ઉત્તરાયન **ઋતુ :** શિશિર
રાષ્ટ્રિય દિનાંક : મહા:03
નક્ષત્ર : આર્દ્રા: 30:27
યોગઃ ઐન્દ્ર **કરણ :** કૌવલ
રાશિ : મિથુન (ક.છ.ઘ)
દિવસ : અશુભ, નેતાજી જયંતી
સુરતમાં સૂર્યોદય : 07:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:22
નવકારસી : 08:07
પારસી વર્ષ : 1393, શેહરેવર માસનો 11 મો રોજ
મુસલમાન વર્ષ : 1445, રજ્જબ માસનો 11મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ રોગ, ઉદ્વેગ, ચલ, લાભ અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાંઃ કાળ, લાભ, ઉદ્વેગ, શુભ અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે 15:00થી 16:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ.લ.ઇ.): મિત્રો, ભાઇ, બહેન વગેરેને મદદરૂપ થશો. અચાનક સફળતા મળે. પ્રવાસમાં સાવધાન રહેવું.
વૃષભ (બ.વ.ઉ.): ઘરમાં ઉંમરલાયકના વિવાહની વાત આવી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા.
મિથુન (ક.છ.ઘ.): સંપત્તિ વગેરેના સોદા થઈ શકે છે. પરિવારમાં તાલમેળ ઓછો રહેશે.
કર્ક (ડ.હ.): સ્વાદિષ્ટ ભોજનનો લહાવો મળે. પ્રવાસમાં છેતરાઇ જવાનું બને. ખર્ચા વધશે.
સિંહ (મ.ટ.): મિત્રો વગેરે પર વધુ અપેક્ષા રાખવી નહીં. વિદ્યાર્થીઓને મદદ મળે. નવી તક મળે.
કન્યા (પ.ઠ.ણ.): સ્ત્રી વર્ગ સાથે વ્યવહારમાં ધ્યાન રાખવું. સમાજ જીવનમાં પ્રગતિ થાય.
તુલા (ર.ત.): બુદ્ધિ પૂર્વકનાં કામ થાય. વિવેક બુદ્ધિનો લાભ મળે. વિદેશનાં કામ પાર પડે.
વૃશ્ચિક (ન.ય.): શારીરિક થાક અને માનસિક ચંચળતા કામમાં વિલંબ પેદા કરશે. ઉપયોગી મુલાકાત થાય.
ધન (ભ.ધ.ફ.ઢ.): કુટુંબ પરિવારમાં વિવાદથી અશાંતિ થાય. દાંપત્યજીવનમાં તાલમેળ વધશે.
મકર (ખ.જ.): નોકરી-ધંધાનાં કામ નિડરતાપૂર્વક પાર કરવામાં સફળ રહેશો. અચાનક તક મળે.
કુંભ (ગ.સ.શ.ષ.): ધર્મ-કર્મ થાય. ઉચ્ચ કક્ષાના લોકોને મળવાનું થાય. અચાનક આર્થિક પ્રગતિ થાય.
મીન (દ.ચ.ઝ.થ.): સમાજ-સેવાનાં કામથી પ્રતિષ્ઠા વધશે. આર્થિક બાબતે યોજના પાર પડે.

કોઇ પણ સાલમાં

23 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહ જનક રહેશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં નવી તક મળે. નવા ફેરફારથી લાભ થાય. આરોગ્ય સામાન્ય રહે. નવા રોકાણમાં મદદ મળે. આર્થિક બાબતે તથા નવા વાહન, ઘર બાબતે વર્ષ દરમિયાન તકો મળવાથી ઉત્સાહ વધશે. મધ્ય સમયમાં વારસાની સમસ્યાનું સમાધાન થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહેશે. વિદેશનાં કામમાં કાયદાકીય મદદ મળે. જમીન, ખેતી, સંપતિ બાબતે અનુકૂળતા રહે. સમાજમાં માન વધે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને તક મળે. નવી ટેકનોલોજીથી રાહત થાય. સંતાનોનો વિકાસ ઉત્સાહ વધારે. મિત્રો-વડીલોની મદદ નવા ધંધા-વ્યવસાયમાં મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે, જૂન, ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં આર્થિક પ્રગતિ થાય. જૂન-જુલાઇમાં અશાંતિ વધશે.

નલિયા 10 ડિગ્રી સાથે ઠંડુગાર, કાતિલ ઠંડીથી લોકો ત્રાહિમામ

ગાંધીનગરઃ ઉત્તર ભારતના પગલે ગુજરાતમાં પણ શીત લહેરની અસર સાથે કાતિલ ઠંડી પડી રહી છે. ગુજરાતમાં કચ્છ પ્રદેશ તથા ઉત્તર ગુજરાતમાં પણ ઠંડીની અસર જોવા મળી રહી છે. આજે સોમવારે રાજ્યમાં નલિયામાં 10 ડિગ્રી ઠંડીમાં ધ્રુજારો અનુભવાયો હતો. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના મુજબ ત્રણેક દિવસ બાદ રાજ્યમાં 2થી3 ડિગ્રી જેટલી ઠંડીમાં રાહત મળવાની આશા છે.

ગુરૂવાર તા. ૨૫મી થી...
પ્રજાસત્તાક દિનનું નઝરાણું
જબરજસ્ત પાવરફૂલ એક્શન, રોમાંન્ચક ફિલ્મ

ફાઈટર
* ઋત્વિક રોશન * દિપીકા પાદુકોણ * અનિલકપુર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.
હનુમાન ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
695 (હિન્દી) ૧૨.૩૦, ૩.૩૦
સલાર ૬.૩૦, રાત્રે ૯.૩૦

રૂપાલી
રાંદેર રોડ, અડાજણ, સુરત
ગુરૂવાર તા. ૨૫મી થી...
પ્રજાસત્તાક દિનના ભવ્ય દિવસનું નઝરાણું
ફાઈટર
* ઋત્વિક રોશન * દિપીકા પાદુકોણ * અનિલકપુર
૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૦૫, રાત્રે ૧૦.૧૫
થિયેટર પર અને bookmyshow.com પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

સ્વ. અટલ બિહારી બાજપાઈ પર આધારિત

MIRAJ CINEMAS
૩જે માળે, કે.એસ.બી., ઓલ્પીયા મોલ, કૈલાસ ચોકડી, અલથાણ ડી.માર્ટ પાસે, ભમરોલી, બી.આર.ટી.એસ. રોડ.
મૈં અટલ હું ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, રાત્રે ૯.૪૫
પંકજ ત્રિપાઠી (અટલ બિહારી બાજપાઈની ભૂમિકામાં)
હનુમાન ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, રાત્રે ૧૦.૦૦
મેરી ક્રિસમસ ૧૧.૦૦, ૭.૧૫
ગુજરાતી ચિત્ર ઈટ્ટા કિટ્ટા ૪.૪૫, રાત્રે ૧૦.૧૫
શ્રીરામ જન્મભૂમિ મંદિરના ૫૦૦ વર્ષના સંઘર્ષની કથા 695 (હિન્દી) ૨.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

પંકજ ત્રિપાઠી (અટલ બિહારી બાજપાઈની ભૂમિકામાં)
મૈં અટલ હું ૧૦.૩૦, ૧.૩૦, ૪.૪૫, ૭.૩૦, રાત્રે ૧૦.૩૦
હનુમાન ૧૦.૦૦, ૧.૧૫, ૪.૩૦, ૭.૪૫, રાત્રે ૧૦.૪૫
ડંકી રાત્રે ૭.૧૫
695 (હિન્દી) ૧.૨૦
ROONGTA Multiplex
શ્યામ મંદિરની સામે, વીઆઈપી રોડ, વેસુ, સુરત.
ગુજરાતી ફેમિલી ફિલ્મ
ઈટ્ટા કિટ્ટા ૧.૩૦, ૭.૩૫
મેરી ક્રિસમસ * કેટરીના કૈફ * વિજય સેતુપતિ ૧૦.૧૫, ૪.૧૫, રાત્રે ૧૦.૩૦
સલાર ૧૦.૧૦, ૪.૦૦, રાત્રે ૧૦.૦૦
થિયેટર પર અને bookmyshow.com પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

Valentine Multiplex
DOLBY ATMOS
મૈં અટલ હું ૭.૨૦, રાત્રે ૧૦.૦૦
પંકજ ત્રિપાઠી (અટલ બિહારી બાજપાઈની ભૂમિકામાં)
ઈટ્ટા કિટ્ટા ૯.૪૦, ૨.૪૦, રાત્રે ૮.૦૦, ૧૦.૨૦
મેરી ક્રિસમસ ૧૨.૦૦
ડંકી ૫.૦૦
હનુમાન ૯.૩૦, ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, રાત્રે ૧૦.૧૦
એનિમલ ૧૨.૨૫
સલાર ૩.૫૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

CITY PLUS MULTIPLEX
ફ્રી પાર્કીંગ
હનુમાન ૧૦.૪૫, ૧.૪૦, ૪.૪૦, ૭.૩૫, રાત્રે ૯.૩૦, ૧૦.૩૦
ઈટ્ટા કિટ્ટા ગુજરાતી : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૫.૦૦, ૭.૧૫, રાત્રે ૯.૫૦
મૈં અટલ હું ૬.૪૫
૧૨મી ફેલ સવારે ૯.૪૦
695 (હિન્દી) ૧૨.૩૦
એનિમલ ૩.૦૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.
ફોન બુકીંગ માટે : 93288 81222, 93275 42854

RAJHANS MULTIPLEX
અડાજણ પાલ, હજીરા રોડ
હનુમાન રીકલાઈનર : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦
૯.૦૦, ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૧૦.૦૦
ગુજરાતી પારિવારિક ફિલ્મ
ઈટ્ટા કિટ્ટા ૯.૪૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૫૦
મૈં અટલ હું રીકલાઈનર રાત્રે : ૧૦.૧૫
થિયેટર પર અને bookmyshow.com પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

CINEZZA Multiplex
ડીમાર્ટની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.
ગુજરાતી ચિત્ર ઈટ્ટા કિટ્ટા ૯.૧૫, ૧૧.૪૫, ૨.૧૫, ૪.૪૫, ૭.૧૫, રાત્રે ૯.૪૫
હનુમાન * તેજા * અમ્રિતા ઐયર ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૧૦.૦૦
મૈં અટલ હું પંકજ ત્રિપાઠી (અટલ બિહારી બાજપાઈની ભૂમિકામાં) ૯.૩૦, ૧૧.૪૦, ૫.૦૦, રાત્રે ૧૦.૨૦
695 ૯.૦૦, ૨.૨૦, ૭.૪૦
સલાર ૧૨.૧૫, રાત્રે ૧૦.૦૦
એનિમલ ૩.૩૦
૧૨મી ફેલ ૭.૧૫
થિયેટર પર અને bookmyshow.com પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.